## ડાયરેક્ટ ❤ સે

બે અજાણ્યા
લોકો વચ્ચેનું મૌન
એક સંબંધનું
સર્જન કરે છે
પરંતુ બે જાણીતા
લોકો વચ્ચેનું મૌન
સંબંધ તોડે છે

## જન્મદિને વધામણી



**બિપીન રાવલ**
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મેનેજિંગ ટ્રસ્ટી,
શાંતિનિકેતન સ્કૂલ
મો. ૯૪૨૯૪ ૩૭૫૭૫



**ચેતના બુચ**
પ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ
મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮



**યોગેશ કે ગાંધી**
મો. ૯૭૨૭૧ ૬૫૫૫૭



**તન્વી મુંજાલ રાવલ**
મો. ૯૯૭૮૯ ૬૭૮૦૯



**કંચન જે પ્રજાપતિ**
લાયોનેસ ક્લબ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૧**
ઐય્યારી
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન - ૨**
ઐય્યારી
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦
પેડમેન
૯.૪૫

**સ્ક્રીન - ૩**
બ્લેક પેન્થર
(૩ડી અંગ્રેજી)
૪.૩૦, ૧૦.૦૦
બ્લેક પેન્થર
(૩ડી હિન્દી)
૨.૦૦, ૭.૧૫

**સ્ક્રીન - ૪**
ટાઈગર ઝિન્દા હૈ
૧.૦૦
ચાલ મન જીતવા જઈએ
(ગુજરાતી)
૭.૦૦
લવની ભવાઈ (ગુજરાતી)
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
પેડમેન
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
ઐય્યારી
રાત્રે ૧૦.૦૦

# એસ. જી. શાળાના વિદ્યાર્થીઓ પોલીસ સ્ટેશનની મુલાકાતે




ગાંધીનગરની એસ.જી પ્રાથમિક શાળાના ધો- ૪નાં બાળકોએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. ધો- ૪ના એ, બી, સી, ડી, ઈ એમ બધા જ વર્ગના વિદ્યાર્થીઓએ સેક્ટર -૬, ૭, ૨૧, ૨૮ તેમજ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. સ્થાનિક કર્મચારીઓ દ્વારા પોલીસની નિયમિત કામગીરી અંગે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી. શિક્ષકો પણ વિદ્યાર્થીઓ જોડે આ મુલાકાતમાં જોડાયા હતા.

# સરકારી વિનયન કૉલેજનો વાર્ષિકોત્સવ 'હાર્મની' સંપન્ન

ગાંધીનગર, તા. ૧૮

સરકારી વિનયન કોલેજ, સેક્ટર -૧૫ ગાંધીનગર દ્વારા વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહ, "Harmony-2018"નું ટાઉન હોલ ખાતે આયોજન કરવામા આવ્યું હતું.

આ સમારંભના અધ્યક્ષ સ્થાને અશોકસિહ પરમાર (નાયબ સચિવ, શિક્ષણ વિભાગ (ઉચ્ચ શિક્ષણ), ગુજરાત રાજય, ગાંધીનગર) તથા અતિથિ વિશેષ તરીકે ઉમેશ શુકલ (નાયબ નિયામક, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર)એ ઉપસ્થિત રહીને દીપ પ્રાગ્ટ્ય કરી, કાર્યક્રમનુ ઉદઘાટન કર્યુ હતુ.

તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં ઉપયોગી થાય તેવું પ્રેરણાદાયી ઉદ્‌બોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં આચાર્ય ડો. હિમ્મત ભલોડિયાએ મહેમાનોને આવકારીને સ્વાગત અને સન્માન કર્યુ હતુ. તેમજ વિદ્યાર્થીઓને પ્રસંગિક ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લઈને પોતાની આંતરીક શક્તિઓ ઉજાગર કરતી પ્રાચિન, અર્વાચિન અને આધુનિક વિષયને કેન્દ્રમાં રાખી રાસ, નાટક, માઈમ, નૃત્ય અને ગીત-સંગીતની વિવિધતાસભર કૃતિઓ રજુ કરવામાં આવી હતી.. ઉપસ્થિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# મહાપ્રજ્ઞા વિદ્યા નિકેતન શાળા ખાતે વાર્ષિક રમતોત્સવ



પરીક્ષાઓની મૉસમ પહેલાં શહેર અને જિલ્લાની શાળા-મહાશાળાઓમાં રમતગતમની મૉસમ જામી છે. શાળા-મહાશાળાઓના વાર્ષિક મહોત્સવો આન-બાન અને શાનથી યોજાઈ રહ્યા છે. આવો જ એક વાર્ષિક રમતોત્સવ ગાંધીનગર શહેરમાં કાર્યરત મહાપ્રજ્ઞા વિદ્યા નિકેતન શાળા ખાતે યોજાયો હતો, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે શાળા દ્વારા સતત ૧ ૩મા વર્ષે આ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

## નૅશનલ સ્કૂલ ગેમ્સમાં જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય ઝળકી

ગાંધીનગર, તા. ૧૭

તાજેતરમાં મહારાષ્ટ્રના સોલાપુર ખાતે નેશનલ સ્કૂલ ગેમ્સ યોજાઈ હતી, જેમાં શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ની વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યુ છે. વિદ્યાલયની વિદ્યાર્થિની ભાવિષા વાસુદેવભાઈ ચૌધરી, મિનાક્ષી આઈ ચૌધરી અને સુરેખા જે ચૌધરીએ આ સ્કૂલ ગેમ્સમાં ભાગ લઈને બ્રોન્ઝ મેડલ અને ટ્રૉફી પ્રાપ્ત કરી હતી તથા ડિસીપ્લીનમાં ગુજરાતમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. શાળા પરિવારે વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## નૅશનલ મેઈન્સ કમ મૅરીટ સ્કૉલરશીપ પરીક્ષામાં લીંબોદરા હાઈસ્કૂલની વિદ્યાર્થીની ઝળકી

ગાંધીનગર, તા. ૧૮



ગુજરાત રાજ્ય પરીક્ષા બૉર્ડ દ્વારા લેવાયેલી નૅશનલ મેઈન્સ કમ મૅરીટ સ્કૉલરશીપ પરીક્ષામાં લીંબોદરાની શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલની પ્રાથમિક વિભાગની વિદ્યાર્થિની ગાયત્રી વિજયસિંહ વાઘેલાએ ૧૮૦માંથી ૧૪૬ ગુણ મેળવી મૅરીટમાં સ્થાન મેળવી શાળાનું તથા ગામનું ગૌરવ વધાર્યું છે. ગાયત્રીની આ ઉજજવળ સિદ્ધિ બદલ આચાર્ય તોજસિંહ પી પરમાર, મુખ્ય શિક્ષક વીણાબેન ડી પટેલ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# કડી સ્વામીનારાયણ મંદિરનો પાટોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

શ્રી સ્વામીનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામીનારાયણ મંદિર, કડીનો ૯૯મો પાટોત્સવ આરતી, પૂજન, અન્નકૂટ તેમજ પંચામૃત અભિષેકથી ભારે દબદબાપૂર્વક ઉજવાયો હતો.

આચાર્ય સ્વામીજી મહારાજે આશીર્વચન આપતાં જણાવ્યું હતું કે મનુષ્યે જીવનમાંથી ક્રોધ, ઈર્ષ્યા, કપટ, માનને તિલાંજલી આપવી જોઈએ. સત્સંગ કરતા ગર્વ, માન, અહંકાર આવવો જોઈએ નહિ. સત્સંગ સંસ્કારથી જળવાઈ રહે છે. મનુષ્યે માવા, મસાલા, ગુટખા, કેફી પદાર્થ વગેરે વ્યસનોનો સંપૂર્ણત્યાગ કરવો જોઈએ. વ્યસન અને ફૅશન મનુષ્ય જીવનમાં બરબાદી નોતરે છે.

ઉલ્લેખનીય છે કે બે દિવસીય મહોત્સવમાં ઘણી મોટી સંખ્યામાં ભાવિક માનવ સમૂહ ઉપસ્થિત રહ્યો હતો.

# ચાંદખેડાના કિડઝી સૅન્ટર દ્વારા વાલીઓ માટે 'આઈ કૅર સૅશન'



કિડઝી, આઈઓસી, ચાંદખેડા દ્વારા વાલીઓ માટે 'આઈ કૅર સૅશન'નું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. બાળતાડન અને બાળસુરક્ષા અંગે વાલીઓને પ્રશિક્ષિત કરવાના હેતુસર આ સૅશન યોજવામાં આવ્યું હતું. કિડઝીનાં ઍજ્યુકેટર અમીબેન અને ડિરેક્ટર રીતિ અગ્રવાલ દ્વારા આ પ્રશિક્ષણ વાલીઓને વિગતે આપવામાં આવ્યું હતું. તેમણે વાલીઓને એ બાબતે અનુરોધ કર્યો હતો કે તેઓ બાળકોને 'યોગ્ય સ્પર્શ' અને 'અયોગ્ય સ્પર્શ' વચ્ચેનો તફાવત સમજાવે અને આ બાબતે સજાગ રહેવા તાકીદ કરે.

# જિલ્લાની દિવ્યાંગ વિદ્યાર્થિની રાષ્ટ્રકક્ષાની રમત સ્પર્ધામાં

ગાંધીનગર, તા. ૧૮

માણસા તાલુકાની દિવ્યાંગ વિદ્યાર્થીની પલ્લવી સેનમા હરદ્વાર ખાતે આયોજિત નૅશનલ ચૅમ્પિયનશીપ માટે ગુજરાતની ટીમમાં પસંદગી પામી છે.

હાલ આ ચૅમ્પિયનશીપ હરદ્વાર ખાતે ચાલી રહી છે, જે તા. ૧૬ના રોજ આરંભાઈ છે અને ૨૧ના રોજ સંપન્ન થશે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ ફૂટબૉલની રમત માટે આ વિદ્યાર્થીની રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ ચૂકી છે.



પલ્લવી સેનમાને આ ચૅમ્પિયનશીપ માટે વિશિષ્ટ પ્રશિક્ષક વિરેન્દ્ર ભટ્ટ દ્વારા સ્પોર્ટ્સ શૂઝ ઉપરાંત શુભકામનાઓ અર્પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીને રમત માટે ભૂપેન્દ્રસિંહ અને સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગાંધીનગરના ગ્રોથ ઍન્ડ ડૅવલપમૅન્ટ મૅનેજર જિજ્ઞેશ રાવલનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

# જીએનએફસીના નીમ પ્રોજેક્ટને સ્વામીનાથન ફાઉન્ડેશનનો સાથ

### નીમ પ્રોજેક્ટ, મહિલા સશક્તિકરણ તથા ઓર્ગેનિક ફાર્મિંગ સંબંધિત પ્રવૃત્તિઓ માટે જાણકારી અને સંસાધનો શેર કરવા ઍમઓયુ પર હસ્તાક્ષર

ગાંધીનગર, તા. ૧૮

એમ. એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશન (MSSRF) દ્વારા ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ (GNFC)ના નીમ પ્રોજેક્ટ અને તેના અંતર્ગત હાથ ધરાયેલી મહિલા સશક્તિકરણ તથા ઓર્ગેનિક ફાર્મિંગ (જૈવિક ખેતી) સંબંધિત પ્રવૃત્તિઓ માટે જાણકારી અને સંસાધનો શેર કરવા GNFC સાથે એક ઍમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. GNFC દ્વારા શરૂ કરાયેલો ઈનોવેટિવ નીમ પ્રોજેક્ટ માટે નીમ જંતુનાશકો, નીમ ઓર્ગેનિક ખાતર, નીમ તેલ, નીમ સાબુ વગેરે દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ, મહિલા સશક્તિકરણ તથા ઓર્ગેનિક ફાર્મિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવાના લક્ષ્ય સાથે ભગીદારી સ્થાપવા એમ. એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશન (MSSRF) દ્વારા એક ઍમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

MSSRF એક નોટ-ફોર-પ્રોફિટ ટ્રસ્ટ છે જેની સ્થાપના જાણિતા કૃષિ વિજ્ઞાની પ્રો.એમ.એસ. સ્વામીનાથન દ્વારા ૧૯૮૮માં કરાઈ હતી. ફાઉન્ડેશનનો ઉદ્દેશ્ય ટકાઉ કૃષિ અને ગ્રામીણ વિકાસ માટે આધુનિક વિજ્ઞાનના પ્રયોગને પ્રોત્સાહન આપવાનો છે. GNFC તથા MSSRF દ્વારા તેમની બહુક્ષેત્રીય નિપુણતાનો લાભકારક ઉપયોગ અને જ્ઞાન અને સંસાધનોના પરસ્પર શેરિંગ દ્વારા સહકાર આપવા તથા નીમ આધારિત ઉત્પાદનોના ક્ષેત્રે સહયોગ માટેના એક સંયુક્ત અને સુઆયોજિત અભિગમ અપનાવવાની દિશામાં લેવાયલ કદમ તરીકે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## અમદાવાદમાં ઉત્સાદ ઝાકીર હુસેને શ્રોતાઓને અભિભૂત કર્યા

ગાંધીનગર, તા. ૧૮

શનિવારે ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે અમદાવાદીઓએ તેમને મન ભરીને માણ્યા. સિટી તેમજ નેશનલ સેન્ટર ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ દ્વારા દેશભરમાં યોજાઈ રહેલાં આદી અનંત ફેસ્ટિવલના ભાગરૂપે ઝાકીર હુસેન અને રાકેશ ચૌરસિયાની જુગલબંદીનો કાર્યક્રમ યોજાયો હતો. રાકેશ ચૌરસિયાના વાંસળીવાદનની શરૂઆતે શ્રોતાઓને ધ્યાનની સ્થિતિનો અનુભવ કરાવ્યો. ઝાકીર હુસેને જણાવ્યું હતું કે, સંગીત શીખવા ચોક્કસ પરિવારમાંથી આવવું જરૂરી નથી.

### 'બેટી બચાવો' અભિયાન ગંભીરતાથી ચલાવવાની આવશ્યકતા

# ગુજરાતમાં ૧૦૦૦ છોકરા સામે માત્ર ૮૫૪ છોકરીઓ

ગાંધીનગર, તા. ૧૮

બેટી બચાવો ઝુંબેશના મોટાંમોટાં સ્લોગનો અને પોસ્ટરોની ભરમાર પછી પણ ગુજરાતમાં દીકરીઓની સંખ્યામાં ચિંતાજનક ઘટાડો નોંધાયો છે. દેશના ૨૧ મોટા રાજ્યોમાંથી ૧૭ રાજ્યોમાં સેક્સ રેશિયો એટ બર્થ (એસઆરબી)નો આંકડો અસંતુલિત હોવાનું બહાર આવ્યું છે. નીતિ આયોગના રિપોર્ટમાં જણાવાયું છે કે દેશમાં સેક્સ રેશિયો સૌથી વધુ ગુજરાતમાં ઘટ્યો છે. ગુજરાતમાં સેક્સ રેશિયોમાં ૫૩ પોઈન્ટ્સનો ઘટાડો થયો છે. નીતિ આયોગે ઘટતા સેક્સ રેશિયો અંગે ચિંતા વ્યક્ત કરી છે. રિપોર્ટ પ્રમાણે, ૧૭ રાજયોમાં સેક્સ રાજયો ૧૦ પોઈન્ટ સુધી ઘટ્યો છે. ગુજરાતમાં ૧૦૦૦ પુરૂષોની તુલનામાં ૮૫૪ મહિલાઓ છે, જ્યારે અગાઉ મહિલાઓની સંખ્યા ૯૦૭ હતી. ૨૦૧૨થી ૨૦૧૪ સુધીમાં અહીં ૫૩ પોઈન્ટ્સનો વિક્રમી ઘટાડો નોંધાયો છે. હેલ્ધી સ્ટેટ્સ, પ્રોગ્રેસિવ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, ગુજરાત ઉપરાંત હરિયાણામાં પણ સેક્સ રેશિયોમાં મોટો ઘટાડો થયો છે. જે મુજબ હરિયાણામાં ૩૫, રાજસ્થાનમાં ૩૨, ઉત્તરાખંડમાં ૨૭, મહારાષ્ટ્રમાં ૧૮, હિમાચલ પ્રદેશમાં ૧૪, છત્તીસગઢમાં ૧૨ અને કર્ણાટકમાં ૧૧ પોઈન્ટ જેટલો ઘટાડો થયો છે. રિપોર્ટ અનુસાર, લોકોએ બાળકીઓનું મહત્ત્વ સમજવું જોઈશે અને જાગૃત થવું પડશે ત્યારે જ સેક્સ રેશિયોમાં સુધારો આવી શકશે. રિપોર્ટ અનુસાર, આ રાજ્યોએ પંજાબ પાસેથી શીખવું જોઈએ કે જ્યાં સેક્સ રેશિયોમાં ૧૯ પોઈન્ટનો વધારો થયો છે. જ્યારે યુપીમાં પણ ૧૦ અને બિહારમાં ૯ પોઈન્ટનો વધારો સેક્સ રેશિયોમાં થયો છે. આ રિપોર્ટ જોતાં હજુ પણ દેશમાં ગેરકાયદે ગર્ભપાતનું દૂષણ યથાવત્ રહ્યું હોવાનું જણાય છે.